# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1) ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે પ્રથમ દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરી- વ્યાજ દર 5.25 ટકા પર યથાવત્.

2) ચૂંટણી પંચે મતદાર યાદીની SIR પ્રક્રિયા બાદ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાંથી 91 લાખ જેટલાં મતદારોના નામ દૂર કર્યાં.

3) કેરળ, આસામ અને પુડુચેરીમાં આવતીકાલે યોજાનારા મતદાનની તૈયારીઓ પૂરજોશમાં.

4) અમેરિકા અને ઈરાન બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સંમત થયા.

5) IPL ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# REV. RBI MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંક-RBI એ વ્યાજ દર 5.25 ટકા પર યથાવત રાખ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ માટે પ્રથમ દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતા, RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, નાણાકીય નીતિ સમિતિએ સર્વાનુમતે તટસ્થ વલણ સાથે રેપો રેટ 5.25 ટકા પર જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. સમિતિની દ્વિમાસિક બેઠક સોમવારે ગવર્નરની અધ્યક્ષતામાં શરૂ થઈ હતી.

નાણાકીય નીતિ સમિતિએ એવી પણ અપેક્ષા રાખી છે કે, છેલ્લા નાણાકીય વર્ષ માટે GDP 7.6 ટકા રહેશે જ્યારે આ નાણાકીય વર્ષ માટે તે 6.9 ટકા રહેશે.

# MUDRA YOJANA

આજે પ્રધાનમંત્રી મુદ્રા યોજના PMMY ને આજે 11 વર્ષ પૂર્ણ થયા છે. આઠમી એપ્રિલ 2015 ના રોજ શરૂ કરાયેલ કેન્દ્ર સરકારની આ યોજનાનો ઉદ્દેશ ઓછા ભંડોળવાળા સૂક્ષ્મ ઉદ્યોગસાહસો અને નાના વ્યવસાયોને ધિરાણ પૂરું આપવાનો છે. જામીનગીરી દૂર કરીને અને ઍક્સેસને સરળ બનાવીને, મુદ્રા યોજનાએ પાયાના ઉદ્યોગસાહસિકતાના નવા યુગનો પાયો નાખ્યો.

# WB-VOTER LISTS

ચૂંટણી પંચે મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણા SIR પ્રક્રિયા બાદ પશ્ચિમ બંગાળ રાજ્યની મતદાર યાદીમાંથી લગભગ 91 લાખ મતદારોના નામ દૂર કર્યા છે.

સત્તાવાર માહિતી મુજબ વ્યાપક સુધારણા પ્રક્રિયાના પરિણામે મતદાર યાદીમાંથી લગભગ 91 લાખ નામો દૂર કરાયા હતા. આ પ્રક્રિયામાં અગાઉ દૂર કરાયેલા આશરે 63 લાખ નામો તેમજ ન્યાયિક નિર્ણયને પગલે ગેરલાયક ઠેરવવામાં આવેલા વધારાના 27 લાખ મતદારોના નામનો સમાવેશ થાય છે.

પંચે જણાવ્યું હતું કે આ સુધારાનો હેતુ નકલી ,મૃત્યુ પામેલા, સ્થળાંતરિત અથવા અન્ય કારણોસર અયોગ્ય મતદારોને દૂર કરી આ મહિનાના અંતમાં ચૂંટણીઓમાં વધુ સચોટ મતદાન સુનિશ્ચિત કરવાનો છે. મુર્શિદાબાદ, ઉત્તર 24 પરગણા, માલદા, નાદિયા અને દક્ષિણ 24 પરગણા સહિત અનેક જિલ્લાઓમાં સૌથી વધુ સંખ્યામાં મતદારો દૂર થયા હતા.

કોલકાતાના અનેક મતવિસ્તારોમાંથી લગભગ સાત લાખ મતદારો દૂર કરવામાં આવ્યા હતા, જેના કારણે શહેરના ઉત્તર અને દક્ષિણ બંને ભાગોમાં મતદાનમાં તીવ્ર ઘટાડો થયો હતો.

શાસકપક્ષ તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે આ સુધારાથી લઘુમતીઓ, સ્થળાંતર કરનારાઓ અને આર્થિક રીતે નબળા વર્ગોને અસર થઈ છે, અને ભય વ્યક્ત કર્યો છે કે કાયદેસર મતદારો મતાધિકારથી વંચિત રહેશે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીએ આ પ્રક્રિયા પર પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે મતદાર યાદીમાંથી નકલી અથવા ગેરકાયદેસર નામો દૂર કરવા જરૂરી હતા.

# ELECTION

કેરળમમાં તમામ 140 વિધાનસભા બેઠકો, આસામની 126 અને પુડુચેરીમાં 30 બેઠકો માટે આવતીકાલે એક જ તબક્કામાં મતદાન યોજાશે. સ્વતંત્ર, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓએ સુરક્ષા અને વહીવટી પગલાં કડક બનાવ્યા છે. પારદર્શક પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે, મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ ગોયલે જાહેરાત કરી કે, આસામના તમામ 31 હજાર 490 મતદાન મથકો લાઇવ વેબકાસ્ટિંગ દેખરેખ હેઠળ રહેશે. 1.5 લાખ મતદાન કર્મચારીઓ અને 43 હજારથી વધુ VVPAT મશીનો તૈનાત હોવાથી, વહીવટીતંત્ર સરળ ચૂંટણી માટે કોઈ કસર છોડી રહ્યું નથી.

પુડુચેરી જિલ્લામાં, કુલ 4 હજાર 116 મતદાન કર્મચારીઓને ચૂંટણી ફરજ અપાઈ છે. સુરક્ષા વ્યવસ્થામાં 3 હજારથી વધુ પોલીસ કર્મચારીઓ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની 45 કંપનીઓ અને કર્ણાટક પોલીસની એક વિશેષ એકમનો સમાવેશ થાય છે. વધુમાં, નજીકથી દેખરેખ સુનિશ્ચિત કરવા માટે 137 સંવેદનશીલ મતદાન મથકો પર 155 માઇક્રો-ઓબ્ઝર્વર્સની નિમણૂક કરવામાં આવી છે.

# WEST ASIA-CONFLICT

અમેરિકા અને ઈરાન બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સંમત થયા છે, જેથી ઘણા સમયથી ચાલી રહેલા સૈન્ય સંઘર્ષનો અંત આવ્યો છે. મધ્યસ્થી દ્વારા થયેલા આ કરારમાં બંને પક્ષો દ્વારા હુમલાઓ તાત્કાલિક બંધ કરવા અને આંતરરાષ્ટ્રીય જહાજો માટે હોર્મુંઝ  સામુદ્રધૂનીને ફરીથી ખોલવા આહ્વાન કરાયું છે.

આ સમાચાર બાદ ખનીજતેલના ભાવ 115 ડૉલર પ્રતિ બેરલ થી ઘટીને 95 ડૉલર થી નીચે આવી ગયા હતા. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ કરારને રાજદ્વારી વિજય ગણાવ્યો, જ્યારે ઈરાની સરકારી મીડિયાએ યુદ્ધવિરામને પ્રદેશના રક્ષણ માટે જરૂરી પગલું ગણાવ્યું હતું.

# UN CHIEF CEASEFIRE

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે અમેરિકા અને ઈરાન દ્વારા બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાતનું સ્વાગત કર્યું. તેમણે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષમાં સામેલ તમામ પક્ષોને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળની તેમની જવાબદારીઓનું પાલન કરવા અને યુદ્ધવિરામની શરતોનું પાલન કરવા અપીલ કરી. એક નિવેદનમાં તેમણે ભાર મૂક્યો કે, લોકોના જીવનનું રક્ષણ કરવા અને માનવીય દુઃખ દૂર કરવા માટે દુશ્મનાવટનો અંત તાત્કાલિક જરૂરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# DR. S. JAISHANKAR MEETING

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર બપોરે નવી દિલ્હીમાં બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાન સાથે મુલાકાત કરશે. શ્રી રહેમાન ગઈકાલે સાંજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન, શ્રી રહેમાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીને પણ મળવાની અપેક્ષા છે. ફેબ્રુઆરીમાં BNPના નેતૃત્વ હેઠળની સરકારે સત્તા સંભાળ્યા પછી બાંગ્લાદેશના મંત્રી દ્વારા નવી દિલ્હીની આ પહેલી મુલાકાત છે.

# CG-SPECIAL LEAVE

છત્તીસગઢમાં રાજ્ય સરકારે અધિકારીઓ અને કર્મચારીઓમાં માનસિક તણાવ ઘટાડવા અને કાર્યક્ષમતા વધારવા ખાસ વેતન સાથેની રજા શરૂ કરી છે. સામાન્ય વહીવટ વિભાગ અનુસાર, અધિકારીઓ અને કર્મચારીઓ હવે વિપશ્યના ધ્યાન શિબિરમાં ભાગ લેવા ખાસ કેઝ્યુઅલ રજાનો લાભ લઈ શકશે.

અખિલ ભારતીય સેવા અને રાજ્ય સેવાના કર્મચારીઓ, તેમના સમગ્ર સેવા સમયગાળા દરમિયાન વધુમાં વધુ છ વખત આ રજા માટે પાત્ર રહેશે. દરેક શિબિર માટે મુસાફરીના સમય સહિત મહત્તમ 12 દિવસની રજા અપાશે , જેને ફરજ સમય ગણાશે અને સંપૂર્ણ પગાર આપવામાં અપાશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે આસામ અને મેઘાલય, ગંગા કિનારાના પશ્ચિમ બંગાળના વિસ્તારો, હિમાચલ પ્રદેશ અને ઓડિશામાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, ઉત્તરાખંડ, ઝારખંડ, બિહાર, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં આજે કરા સાથે વાવાઝોડાની શક્યતા છે.

ઉપરાંત જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મધ્યપ્રદેશ, ઉત્તરપૂર્વના કેટલાક રાજ્યો,ઓડિશા, પંજાબ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં વિવિધ  સ્થળોએ વીજળી પડવાની અને ભારે સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. આજે આંધ્રપ્રદેશ, પૂર્વ રાજસ્થાન, તમિલનાડુ,પુડુચેરી, કરાઈકલ અને તેલંગાણામાં પણ આવી જ સ્થિતિ  રહેવાની શક્યતા છે.

# IPL

ઇન્ડિયન પ્રીમિયમ લીગ ક્રિકેટમાં, આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. આ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. દરમિયાન ગઇકાલે રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને 27 રનથી હરાવ્યું. આસામમાં ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં વરસાદને કારણે મેચ 11 ઓવરની કરવામાં આવી હતી.

પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને 3 વિકેટે 150 રન બનાવ્યા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ 9 વિકેટે 123 રન જ બનાવી શક્યું હતું. રાજસ્થાન તરફથી યશસ્વી જયસ્વાલે માત્ર 32 બોલમાં અણનમ 77 રન, જ્યારે વૈભવ સૂર્યવંશીએ 14 બોલમાં 39 રન બનાવ્યા હતા. જયસ્વાલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

# HOCKEY ARGENTINA TOUR

હૉકી ઇન્ડિયાએ આગામી અર્જેન્ટિના પ્રવાસ માટે 24 સભ્યની ભારતીય મહિલા ટીમની જાહેરાત કરી છે. આ પ્રવાસ બ્યૂનસ ઍરેસમાં આગામી 13થી 17 ઍપ્રિલ વચ્ચે થશે. સલિમા ટેટે ભારતીય ટીમની આગેવાની કરશે. ભારત અને અર્જેન્ટિના વચ્ચે ચાર મેચ રમાશે. આ પ્રવાસ આ વર્ષે F.I.H. હૉકી વિશ્વકપ અને ઍશિયન રમતો સહિત આગામી મુખ્ય સ્પર્ધાને લઈ મહત્વની છે.

# TRAI-DRAFT

ભારતીય ટેલિકોમ નિયામક સત્તામંડળ-TRAIએ ટેલિકોમ ગ્રાહક સંરક્ષણ(તેરમો સુધારો)વિનિયમન, 2026 નો મુસદ્દો જાહેર કર્યો છે. TRAI એ જણાવ્યું કે અગાઉ જાહેર કરાયેલા ટેલિકોમ ગ્રાહક સંરક્ષણ(બારમો સુધારો)વિનિયમન, 2024 માં સત્તામંડળે કોલિંગ અને SMS માટે ઓછામાં ઓછું એક ખાસ ટેરિફ વાઉચર ઉપલબ્ધ કરાવવાનો આદેશ આપ્યો હતો.

ટૂંકા ગાળાના કોલિંગ અને SMS સેવાની જરૂરિયાત વ્યક્ત કરતી ઘણી રજૂઆત મળી હતી. TRAIએ વધુમાં જણાવ્યું કે આવા ખાસ ટેરિફ વાઉચર્સની કિંમતમાં પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો કરાશે. આ મુસદ્દો TRAI ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. હિસ્સેદારોને આગામી 28મી તારીખ સુધીમાં તેમની રજૂઆત કે સૂચનો રજૂ કરવા જણાવાયું છે. રજૂઆતો કે સૂચનો ઈમેલ એડ્રેસ fea1-div@trai.gov.in પર મોકલી શકાશે.

# OM BIRLA - TRIBUTE , CHATTOPADHYAY

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી બિરલાએ કહ્યું કે, વંદે માતરમના રૂપમાં તેમણે માત્ર એક ગીત જ નહીં પરંતુ ભારત માતાની સ્તુતિ કરવાનો એક મહાન મંત્ર પણ આપ્યો. આ ગીતે સમગ્ર રાષ્ટ્રને એક કર્યું અને સ્વતંત્રતા સંગ્રામમાં એક નવી જાગૃતિ લાવી. તેમણે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને એક મહાન દેશભક્ત, એક કટ્ટર રાષ્ટ્રવાદી વિચારક અને ભારતીય ચેતનાના અમર સાહિત્યકાર તરીકે વર્ણવ્યા.